પોષણ અભિયાન ૨.૦ હેઠળની રાજ્ય કક્ષાની ૦૧ પ્રોજેક્ટ એસોસીયેટની સેવા આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ WCDD/DRA/e-file/23/2022/0033/B-1

સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધાઃ-</u>**

1. ભારત સરકારશ્રીની તા.૦૧/૦૮/૨૦૨૨ની વહિવટી માર્ગદર્શિકા.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સરખા ક્રમાંકના તા.૨૪/૦૩/૨૦૨૩, તા.૧૭/૦૮/૨૦૨૩, તા.૦૫/૦૪/૨૦૨૪, તા.૨૮/૦૪/૨૦૨૫, તા.૨૩/૦૩/૨૦૨૬ ઠરાવ.
3. કમિશનરશ્રી(આઈસીડીએસ)ની કચેરી નો પત્ર ક્રમાંક: ICDS/0791/12/2025 તા.૦૧/૦૧/૨૦૨૬

**<u>આમુખ</u>**

વંચાણે લીધા (૧)થી ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા અન્વયે વંચાણે લીધા (૨) માં દર્શાવેલ જુદી જુદી તારીખના સરખા ક્રમાંકના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન હેઠળ (NNM) ની વિવિધ જગ્યાઓની આઉટસોર્સથી સેવા મેળવવાની મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધા (૩) પરની કમિશ્નરશ્રી, આઇસીડીએસની કચેરીની દ્વારા NNM હેઠળની રાજ્ય કક્ષાની ૦૧ પ્રોજેક્ટ એસોસિયેટની જગ્યા આઉટસોર્સથી મેળવવા બાબતની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.NNM હેઠળની રાજ્ય કક્ષાની ૦૨ પ્રોજેક્ટ એસોસિયેટની જગ્યા પૈકી એક જગ્યાને આ વિભાગના તા.૨૩/૩/૨૦૨૬થી આઉટસોર્સથી ભરવા મંજૂરી આપવામાં આવેલ છે.બાકીની એક જગ્યાને પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ:</u>**

૨/- પોષણ અભિયાન ૨.૦ હેઠળની રાજ્ય કક્ષાની પ્રોજેક્ટ એસોસિયેટ્ની-૦૧ જગ્યાની સેવાઓ મંજૂરી મળ્યા તારીખથી વધુ ૧૧ માસ સુધી સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી લેવાની નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) (અન્ય ચાર્જિસ સિવાય) |
|---|---|---|---|

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.07.03 14:11:53 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ એસોસીયેટ (રાજ્ય કક્ષા) | ૦૧ | ૨૫,૦૦૦/- |

**શરતો**

૧. જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવવા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૧/૪/૨૦૨૩ ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨. આ જગ્યાઓની સેવાઓ વધુ સમય માટે મેળવવાની જરૂર જણાયે મુદત પૂર્ણ થયાના બે માસ અગાઉ નાણા વિભાગને દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૦૫/૨૦૨૬ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર. પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી,કમિશનરશ્રી(આઇસીડીએસ) મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
7. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
8. સિસ્ટમ મેનેજરશ્રી, મહલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
9. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.07.03 14:11:53 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign